# રિઝર્વ બેંકે ચાલુ વર્ષે ગુજરાતને રૂા.૩૨ હજાર કરોડનું ચલણ ફાળવ્યું છે : સાહુ

એફઈ બ્યુરો
રાજકોટ, તા.૧૬

આરબીઆઈ દ્વારા ગુજરાતને આ વર્ષે અંદાજીત રૂા. ૩૨હજાર કરોડનું ચલણ ફાળવાયું છે, જે સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે. ગત સાલની સાપેક્ષમાં ચલણ ફાળવણીનું પ્રમાણ લગ ભગ બમણું થયું હોવાનું આરબીઆઈના અમદાવાદ ખાતેના રીજીઓનલ ડાયરેક્ટર પ્રકાશચંદ્ર સાહુએ જણાવ્યું હતું.

રાજ્યની અગ્રણી મલ્ટીસ્ટેટ કો-ઓપરેટિવ બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.એ સહકારી ક્ષેત્રમાં સૌપ્રથમ કોઈન વેન્ડીંગ મશીન વસાવ્યું છે. તેના આરંભ પ્રસંગે અત્રે આવે લા સાહુએ ઉકત નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે આરબીઆઈ દ્વારા રાજ્યને ચલણની ફાળવણી યોગ્ય રીતે કરવામાં આવે છે.

રાજકોટમાં ચાલતી ફાટેલી તથા રદ્દી નોટ અને પરચુરણની તંગીના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ચલણી નોટો તથા સિક્કા આવતાં હોવા છતાં, આવી રદ્દી નોટો ચલણમાં હોય તે જોઇને નવાઈ લાગે છે. રાજ્યના અન્ય શહેરોમાં આવી નોટો નહીંવત છે.

પરચુરણના સિક્કાનો કોઇ અયોગ્ય ઉપયોગ થતો હોય અને તેની જાણકારી આરબીઆઈને મળશે તો આવા તત્વો સામે ચોક્કસ પગલાં ભરાશે. તેમણે રાજકોટ નાગરિક સહકારી બેંકના કોઈન વેન્ડીંગ મશીનના ઉપક્રમ ની પ્રશંસા કરી, શહેરને જોઇતું પરચુરણ(સિક્કા) આપવાની બાંહેધરી આપી હતી.

**પ્રાદેશિક**




રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ચેરમેન જ્યોતીન્દ્ર મહેતાએ કહ્યું કે સૌરાષ્ટ્રના સહકારી બેંકીંગ ક્ષેત્રમાં કોઈન વેન્ડીંગ મશીન સૌપ્રથમ બેંકે ગ્રાહકોની સેવામાં મુક્યું છે. બેંકે ફાટેલી અને રદ્દી ચલણી નોટો બદલવા માટે કાર્યવાહી શરૂ કરી છે અને રાજકોટમાં થી આ દૂષણ શકય તેટલું ઘટાડવા બેંક ઇરાદો ધરાવે છે.

જૂની નોટ એકત્ર કરી આરબી આઈની અમદાવાદ ઓફિસને મોકલી અપાય છે, જ્યાં તેને બાળીને નાશ કરાય છે. તેમણે પહેલા બે મશીનોના અનુભવને આધારે અને આરબીઆઈ યોગ્ય પ્રમાણમાં કોઈન પૂરા પાડશે તો બેંક વધારે કોઈન વેન્ડીગ મશીન લોકોના ઉપયોગ માટે વસાવશે તેવો નિર્દેશ આપ્યો હતો.

રાજકોટમાં એસબીઆઇ, દેના બેંક, બેંક ઓફ બરોડા, આઇસીઆઈસી, એચડીએફસી વ ગેરે જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો તેમજ ચેંબર જેવી સંસ્થાઓના ઉપક્રમે ફાટેલી નોટો બદલવાની કામગીરી સમયાંતરે ચાલતી રહે છે અને તેને પ્રતિસાદ મળે છે. તે દિશામાં વ ધારે એક પ્રયાસ થયો છે.